## જ્યાં 'ઉપચાર', ત્યાં જ 'ગંદવાડ'

**નવસારીમાં** કેજલ હોસ્પિટલ આગળ ગટરનું ગંદું પાણી, દુર્ગંધથી દર્દીઓ ત્રસ્ત, સ્વચ્છતાના દાવા પર ઊઠ્યા સવાલ



નવસારીઃ નવસારી શહેરના વોર્ડ નંબર 5માં હાઈવે નજીક આવેલી કેજલ હોસ્પિટલ સામે છેલ્લા કેટલાક સમયથી ગટરલાઈન ઉભરાવાની સમસ્યા યથાવત છે. હોસ્પિટલની સામે જ ગટરનું ગંદુ પાણી રસ્તા પર વહેતું હોવા છતાં મહાનગરપાલિકા તંત્ર માટે આ દૃશ્ય જાણે રોજિંદું બની ગયું હોય તેમ લાગે છે. પરિણામે દર્દીઓ, તેમના પરિવારજનો અને સ્થાનિકો ગંદકી અને દુર્ગંધ વચ્ચે અવરજવર કરવા મજબૂર બન્યા છે.

હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યા સામે ગંદકીના દૃશ્યો ઉભા થતા સ્વચ્છતા અને આરોગ્ય અંગેના દાવા પર પણ પ્રશ્નચિહ્ન ઊભા થઈ રહ્યા છે. ગટરના પાણીના કારણે આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે, જેને કારણે અહીં સારવાર લેવા આવતા દર્દીઓ અને રહેવાસીઓમાં રોગચાળાની ભીતિ ફેલાઈ છે.

રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને પણ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે, જેના કારણે હાલાકી વધતી જાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ સમસ્યા છેલ્લા કેટલાક સમયથી યથાવત છે, છતાં તંત્ર તરફથી કોઈ ગંભીરતા દેખાતી નથી. આ સ્થિતિ વચ્ચે હવે લોકો સવાલ કરી રહ્યા છે કે શહેરને સ્વચ્છ બનાવવાના દાવા માત્ર કાગળો પૂરતા જ છે કે શું? સ્થાનિક રહેવાસીઓએ તંત્રને તાત્કાલિક ગટરલાઈનનું સમારકામ કરીને ગંદા પાણીની સમસ્યા દૂર કરવાની માંગ કરી છે, નહીં તો આવનારા દિવસોમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વધુ વકરશે.

## ડાંગમાં ચોમાસા જેવું વાતાવરણ સર્જાયું

સાપુતારા : દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમી બાદ હવે વાતાવરણમાં મોટો પલટો જોવા મળ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ, વઘઈમાં તાપમાન ઘટીને 37 ડિગ્રી અને જિલ્લા મથક આહવામાં 35 ડિગ્રી નોંધાયું છે. ખાસ કરીને હિલ સ્ટેશન સાપુતારામાં તાપમાનનો પારો સીધો 28 ડિગ્રી પર આવી જતાં પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. આ ઉપરાંત સુબીર પંથકમાં પણ 31 ડિગ્રી તાપમાન સાથે ગરમીમાં મોટી રાહત મળી છે. આ તાપમાનમાં થયેલા ઘટાડાને પગલે જિલ્લાના જનજીવન પર હકારાત્મક અસર જોવા મળી રહી છે. અગાઉ બપોરના સમયે રસ્તાઓ સુમસામ થઈ જતા હતા, પરંતુ હવે વાતાવરણ આહલાદક બનતા સાપુતારા સહિતના બજારોમાં ફરી ચહલ-પહલ વધી છે.

## ચીખલીના કાકડવેલના ખેરનાં લાકડાંનો જથ્થો દાહોદમાં ઝડપાયો

**વન** વિભાગની તપાસથી લાકડા ચોરોમાં ફફડાટ, 'યોગેશ' નામના નામચીન વેપારીનું નામ સામે આવ્યું

ઘેજઃ ચીખલી તાલુકાના કાકડવેલ વિસ્તારમાંથી પાસ-પરમિટ વિના ભરાયેલો કિંમતી ખેરના લાકડાનો જથ્થો દાહોદ વન વિભાગે ઝડપી પાડ્યા બાદ દાહોદની ટીમે સ્થાનિક સ્ટાફને સાથે રાખી કાકડવેલ વિસ્તારમાં ઊંડી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ થોડા દિવસો પૂર્વે દાહોદ વન વિભાગે અન્ય રાજ્ય તરફ જઈ રહેલા ખેરના લાકડાના જથ્થા સાથેનું એક વાહન ઝડપી પાડ્યું હતું. તપાસ દરમિયાન આ જથ્થો ચીખલીના કાકડવેલ વિસ્તારમાંથી ભરાયો હોવાનું ખૂલ્યું હતું. જેને પગલે દાહોદની ટીમ કાકડવેલ પહોંચી હતી, જ્યાં પ્રાથમિક તપાસમાં આ ખેરના લાકડા સ્થાનિક ખેડૂતોની માલિકીના હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, આ વૃક્ષો વન વિભાગની પરવાનગી વિના જ કપાયા હોવાનું અને તેને અન્ય રાજ્યમાં સગેવગે કરવા પાછળ 'યોગેશ' નામના નામચીન વેપારીનું નામ સામે આવ્યું છે. જો કે આ અંગે તાગ મેળવવા મિડીયા કર્મીઓ દ્વારા સંપર્ક કરાતા આરએફઓ દ્વારા તપાસ ચાલતી હોવાનું જણાવી ચોક્કસ માહિતી આપી ન હતી.

નોંધનીય છે કે, થોડા મહિના પૂર્વે મહારાષ્ટ્ર વન વિભાગે ચીખલી પંથકમાંથી ખેરના લાકડાની ચોરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. તે સમયે વલસાડ ઉત્તર વન વિભાગે પોતાની નિષ્ક્રિયતા છુપાવવા ચારેક કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેખાડો કર્યો હતો, પરંતુ વાસ્તવિકતામાં લાકડાની તસ્કરી હજુ પણ યથાવત છે. બીજી તરફ, વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સામે પણ આક્ષેપો થઈ રહ્યા છે. ખેડૂતો પોતાના કાયદેસરના ઈમારતી ઝાડો કાપવાની પરવાનગી (તુમાર) મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાઈને કંટાળી ગયા છે. અધિકારીઓના ઠાગાઠૈયાને કારણે ખેડૂતો મજબૂર બનીને પરવાનગી વિના જ લાકડા ચોરોને સસ્તા ભાવે ઝાડ આપી દે છે, જેને કારણે આડકતરી રીતે લાકડા ચોરીને પ્રોત્સાહન મળી રહ્યું છે.

## વેરા બાકીદારો સામે નવસારી મનપાની 'સીલ સ્ટ્રાઈક'

**ઇટાળવાના** અવધ રેસિડન્સીમાં ૪૧ રહેણાક મિલકત સામે પેપર નોટિસ સીલ કાર્યવાહી



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા બાકી વેરાની વસૂલાત માટે હાથ ધરાયેલા અભિયાનને હવે વધુ કડક સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે આજે ઇટાળવા વિસ્તારમાં આવેલી અવધ રેસિડન્સીમાં બાકીદારો સામે તાત્કાલિક કાર્યવાહી કરતાં ૪૧ રહેણાંક મિલકતોને પેપર નોટિસ સીલ કરવામાં આવી હતી. સાથે જ મિલકતધારકોને બાકી વેરાની રકમ ચૂકવવા માટે ૨૪ કલાકનું અલ્ટીમેટમ પણ આપવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા અગાઉથી વારંવાર નોટિસો પાઠવવામાં આવી હોવા છતાં અનેક મિલકતધારકો દ્વારા વેરાની બાકી રકમ જમા ન કરાતા અંતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું વેરા વિભાગે જણાવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન કેટલીક મિલકતોના માલિકોએ સ્થળ પર જ વેરાની બાકી રકમ ચૂકવી દીધી હતી. માહિતી મુજબ છેલ્લા ચાર દિવસમાં સ્થળ પર જ રૂ. ૬૫ લાખ જેટલી રકમ વસૂલ કરવામાં આવી છે, જે મહાનગરપાલિકાની કામગીરીને ગતિ આપતી હોવાનું માનવામાં આવે છે.

વેરા વિભાગના આ અભિયાનથી હાલ સુધી કુલ વેરાની અંદાજે ૭૯ ટકા વસૂલાત થઈ ચૂકી છે. મહાનગરપાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે બાકીદારો સામે આવનારા દિવસોમાં વધુ કડક પગલાં લેવામાં આવશે અને જરૂરી પડશે તો વધુ મિલકતોને સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

## આને કહેવાય કામ, ડ્રેનેજ માટે રસ્તો ખોદી પડતો મૂકી દેવાયો

8 મહિનાથી કબીલપોર ચોવીસી-રામલામોરા માર્ગ પર તંત્રની બેદરકારી



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નંબર 5માં આવેલા કબીલપોર ચોવીસીથી રામલામોરા તરફ જતો માર્ગ છેલ્લા આઠ મહિનાથી તંત્રની બેદરકારીનું જીવંત ચિત્ર બની ગયો છે.

મળતી માહિતી મુજબ હળપતિવાસ અને પ્રભા કુંજ ફ્લાવર્સ વસાહત નજીક આશરે આઠ મહિના પહેલા ડ્રેનેજ લાઈનનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં રસ્તો ખોદીને કામ હાથ ધરાયું, પરંતુ ત્યારબાદ કામ અધૂરું જ રહી ગયું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ ડ્રેનેજ માટે ખોદાયેલા ખાડાઓ હજુ સુધી પૂરવામાં આવ્યા નથી, જેના કારણે આ માર્ગ હવે અકસ્માત માટે ખુલ્લું આમંત્રણ બની ગયો છે. ખાસ કરીને રાત્રિના સમયે તેમજ વરસાદી દિવસોમાં સ્થિતિ વધુ જોખમી બની જાય છે. અનેક રજૂઆતો છતાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી, જેના લોકોમાં રોષ ફેલાયો છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### ગણદેવી-નવસારી સ્ટેટ ધોરી માર્ગ ઉપર ટ્રક પલટી, બમ્પ મૂકવા માંગ


કેરસી બારીયા

બીલીમોરાઃ સોમવારે મળસ્કે ગણદેવીથી નવસારી તરફ પૂરપાટ ઝડપે દોડતી ટ્રક (નં જીજે ૧૯ વી ૧૧૨૪) ખખવાડા ગામનો વળાંક કાપી ન શકતા પલટી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ખખવાડા ગામે હિંગળાજ માતા મંદિર સામે ભયજનક વળાંક ઉપર અગાઉ બે બમ્પ હતા. જેને કારણે વાહનચાલકો ધીમા પડતા હતા અને અકસ્માત નિવારી શકાતો હતો પરંતુ નવસારી ગણદેવી માર્ગના નવીનીકરણ વેળા બમ્પ કાઢી નાખવામાં આવ્યા છે. જેને કારણે વાહનો પૂરપાટ ઝડપે દોડે છે. ફરી બમ્પ સ્થાપિત કરવા લોકોની ઉગ્ર માંગણી છે.

#### બીલીમોરામાં ૪ વર્ષીય બાળકીએ રોજો રાખી અલ્લાહની બંદગી કરી



બીલીમોરાઃ પવિત્ર રમજાન માસમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રોજા રાખી અલ્લાહની બંદગી કરવામાં આવે છે. બીલીમોરા હોર્મઝદ બાગમાં રહેતી અને કેબી પટેલ નર્સરીમાં અભ્યાસ કરતી ઝરીન રહેબર રંગપરિયા (ઉં.વ.૪)એ કાળઝાળ ગરમીના દિવસોમાં આખો દિવસ અન્નજળથી દૂર રહી નમાજ પઢી અલ્લાહની બંદગી કરી હતી. જે માટે ઘર પરિવાર અને સમાજ અગ્રણીઓએ મુબારકબાદી પાઠવી હતી.

#### વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ગ્રેજ્યુએશન ડે ઉજવાયો




વાપીઃ વાપી સ્થિત સમર્પણ જ્ઞાનસ્કૂલમાં "ઓફ ટુ બિગ સ્કૂલ - ન્યૂ ચેપ્ટર બિગિન્સ" થીમ પર પ્રિ-પ્રાયમરીના વિદ્યાર્થીઓનો ભવ્ય ગ્રેજ્યુએશન ડે ઉજવાયો હતો. કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે સંદીપ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે સરના કેમિકલ પ્રા.લિ.ના જનરલ મેનેજર પ્રમોદ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, ચેરપર્સન લાયન હીના પટેલ, આચાર્યા, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. આચાર્યા પાર્વતી પિઠાનીએ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓની ઝલક રજૂ કરી હતી. ચીફ ગેસ્ટ સંદીપ પટેલે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વધુ મહેનત કરીને સફળતા મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા.

#### કાલિયાવાડીમાં અગાશી માતા અને જ્ઞાનેશ્વર મહાદેવના ચતુર્થ પાટોત્સવની ભવ્ય ઉજવણી



નવસારીઃ નવસારીના કાલિયાવાડી કોળીવાડ વિસ્તારમાં સ્થિત શ્રી રામજી મંદિર તથા અગાશી માતા ટ્રસ્ટ દ્વારા શ્રી અગાશી માતા અને શ્રી જ્ઞાનેશ્વર મહાદેવના મંદિરના ચતુર્થ પાટોત્સવની ઉજવણી અંતર્ગત રવિવારે સવારે વિધિવત પૂજા-અર્ચના સાથે 'સૂર્ય યજ્ઞ'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યજ્ઞવિધિ દરમિયાન ભક્તોએ ધાર્મિક શ્રદ્ધા સાથે ભાગ લઈ મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. ત્યારબાદ ભક્તજનો માટે મહાપ્રસાદની વિશાળ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં અંદાજે 5000થી વધુ ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. રાત્રે 9 વાગ્યે ભવ્ય રાસ-ગરબા કાર્યક્રમ યોજાયો હતો.

#### ટુકવાડા ગામે સેવા સેતુ કાર્યક્રમમાં 899 અરજીનો નિકાલ



વલસાડઃ કપરાડા તાલુકાના અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલીને અડીને આવેલા ટુકવાડા ગામમાં તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રમાણપત્રો માટે 332 અરજી, રસીકરણ સંબંધિત 250 અરજી, જન્મ-મરણના પ્રમાણપત્ર માટે 81 અરજી, જાતિના દાખલા માટે 42 અરજી સહિત 899 અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત રેશનકાર્ડમાં નામ, અટક સુધારણા સહિતની અન્ય ભૂલ સુધારવા માટે 6 અરજીઓનો પણ નિકાલ કરવામાં આવ્યો હતો. ગામના સરપંચ વિનુભાઈ ગરેલ, માજી તાલુકા પંચાયત પ્રમુખ મોહનભાઈ ગરેલ, આગેવાન મુકેશભાઈ સહિત વિવિધ ગામોના આગેવાનો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## આસણા ગામે માટીખનનની ફરિયાદ થતાં જ મશીનરી ગાયબ

**મંજૂરી** વગર ખનન અને તંત્રની મૌન સહમતિ?, કલેક્ટરને કડક કાર્યવાહી કરવાની માંગ

નવસારીઃ જલાલપોરના આસણા ગામમાં ગેરકાયદે માટીખનનનો મુદ્દો હવે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. નવસારી જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરતાં ઉમાકાંત બોરસીવાલાએ જણાવ્યું છે કે આસણા ગામના નવા બ્લોક નંબર ૩૧૩ અને જૂના બ્લોક નંબર ૩૦૨ની જમીનમાં ખાણ-ખનીજ વિભાગની મંજૂરી વગર જ ધડાધડ માટી ખોદકામ ચાલી રહ્યું હતું. જાણે મંજૂરી લેવાની પ્રક્રિયા માત્ર કાગળો માટે હોય અને ખોદકામ માટે તો "આંખ આડા કાન" પૂરતા હોય એવી સ્થિતિ સર્જાઈ હોવાનું લાગી રહ્યું છે.

ફરિયાદ મુજબ જ્યારે આ ગેરકાયદે માટીખનનની વાત બહાર આવી અને તંત્ર સુધી પહોંચી, ત્યારે તારીખ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ખોદકામમાં વપરાતી તમામ મશીનરી અચાનક સ્થળ પરથી ગાયબ થઈ ગઈ. જાણે કોઈએ પહેલેથી જ સંકેત આપી દીધો હોય તેમ મશીનો રાતોરાત ઉડી ગયા હોય એવી ચર્ચાઓ ગામમાં થઈ રહી છે. આથી સમગ્ર પ્રકરણમાં ખાણ-ખનીજ વિભાગના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા પર પણ પ્રશ્નચિહ્ન ઊભા થયા છે.

બોરસીવાલાએ માંગ કરી છે કે ગેરકાયદે ખનનથી જમીનમાં પડેલા ખાડાઓની યોગ્ય માપણી કરાવી સરકારને થયેલ નુકસાનનો હિસાબ કાઢવામાં આવે અને જવાબદારો પાસેથી દંડ વસૂલવામાં આવે. સાથે જ આ પ્રકરણમાં તલાટી કમ મંત્રી, સરપંચ કે અન્ય સંડોવાયેલા ઈસમો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

હવે પ્રશ્ન એ છે કે તંત્ર ખરેખર ગેરકાયદે ખનન સામે કાર્યવાહી કરશે કે પછી આ પણ અન્ય અનેક પ્રકરણોની જેમ ફાઈલોમાં જ દટાઈ જશે.

## સ્વ. હસમુખ આહિરની પુત્રીઓને અગ્રણીઓ ભણાવશે

**બીલીમોરા** નજીકના ખાપરવાડામાં કાર નીચે કચડીને તેમની હત્યા કરવામાં આવી હતી

**એક** પુત્રીના અભ્યાસની જવાબદારી મંત્રી, બીજીની આગેવાન અને ત્રીજીની પોલીસ અધિકારીએ લીધી


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીકના ખાપરવાડા ગામે એક સપ્તાહ અગાઉ કાર ચાલકે કાર ચઢાવી હસમુખભાઈ આહિરની હત્યાને અંજામ આપ્યો હતો. આ ઘટનામાં પરિવારે મોભી ગુમાવતા વૃદ્ધ માતા, પત્ની અને ત્રણ માસૂમ દીકરીઓ પર આભ તૂટી પડ્યું હતું.

ખાપરવાડાના ગ્રામજનો એ રવિવારે સ્વ.હસમુખભાઈ આહીર ની જાહેર શોકસભા યોજી હતી. જેમાં કાંઠા વિસ્તાર સહિત અનેક લોકો હાજર રહ્યા હતા. આ શોકસભામાં હસમુખભાઈ નાં અણધાર્યા મોત બાદ તેમની ત્રણ દીકરીઓના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. મોટી દીકરી ધો. ૯, બીજી દીકરી ધો. ૬ અને નાની દીકરી ધો. ૪ માં અભ્યાસ કરે છે. રાજ્યના કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય નરેશભાઈ પટેલે એક દીકરીના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની જવાબદારી સ્વીકારી છે. ગુજરાત હેન્ડબોલ એસોસિએશનનાં અધ્યક્ષ તથા ભાજપના ડો. સનમભાઈ પટેલે બીજી દીકરીના ભણતરનો ખર્ચ ઉપાડવાની જાહેરાત કરી છે. જ્યારે બીલીમોરા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.વી. ચાવડાએ નાની દીકરીના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી છે. સ્વ. હસમુખભાઈની શ્રદ્ધાંજલિ સભા દરમિયાન માત્ર આ મહાનુભાવો જ નહીં પરંતુ આહિર સમાજના અગ્રણીઓ, ગ્રામજનો, સેવાભાવી સંસ્થાઓએ પણ આર્થિક સહાય આપવા તૈયારી બતાવી હતી.

## વન વિભાગની ચીખલી રેંજ કચેરીમાં કાયમી RFO ક્યારે મુકાશે?

**10** મહિનાથી ચાર્જનો વહીવટ, ખેડૂતો, વેપારીઓ ને તુમારોની કામગીરી વિલંબમાં

ઘેજઃ વન વિભાગની ચીખલી રેંજમાં દસેક માસથી આરએફઓની ખાલી જગ્યા પર કાયમી નિમણૂક ન કરી ચાર્જથી ગાડું ગબડાવાતા ખેડૂતો સહિત વેપારીઓના કામ ટલ્લે ચઢવા પામ્યા છે. આમ પણ વનવિભાગના કથળેલા કારભાર વચ્ચે ખેડૂતોના તુમારોમાં નાની-મોટી ખામી કાઢી નિકાલ કરવામાં વિલંબ કરવાની ફરિયાદમાં પણ આજદિન સુધી કોઈ હકારાત્મક પરિણામ આવ્યું નથી.

વલસાડ ઉત્તર વનવિભાગના તાબામાં આવેલ ચીખલી રેંજ કચેરીમાં કાયમી આરએફઓના અભાવે વહીવટ રેઢિયાળ બનવા પામ્યો છે. દસેક માસ પૂર્વે તત્કાલિન આરએફઓને સસ્પેન્ડ કરાયા બાદ વલસાડના આરએફઓને ચીખલી રેંજનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. જેના આજે દસેક માસ વીતવા છતાં વન વિભાગ દ્વારા કાયમી આરએફઓની નિમણૂક કરવામાં આવી નથી. ચીખલી રેંજમાં ચીખલી ઉપરાંત ગણદેવી, નવસારી, જલાલપોર, ખેરગામ સહિતના પાંચ જેટલા તાલુકાનો સમાવેશ થાય છે. આમ આટલો મોટો કાર્ય વિસ્તાર હોવા છતાં આરએફઓની જગ્યા પર ચાર્જથી કામ ચલાવાઈ રહ્યું છે.

ચીખલી રેંજમાં આરએફઓ ચાર્જમાં હોવાથી પૂરતો સમય તેઓ ફાળવી શકતા નથી અને મહિનાના ગણતરીના દિવસોમાં જ કચેરીએ ઉપલબ્ધ રહી શકતા હોવાથી ખેડૂતોના તુમારોની કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે.

ખેડૂતોના ઈમારતી વૃક્ષોના વેચાણ માટેના, ઘર વપરાશના તુમારો, વાહતુક પાસ સહિતની કામગીરી સમયસર થતી ન હોવાથી ખેડૂતો અને વેપારીઓને પણ ભારે હાલાકી વેઠવાની નોબત આવી છે. ઉપરોક્ત સ્થિતિમાં વનવિભાગ દ્વારા ચીખલી રેંજમાં કાયમી આરએફઓની નિમણૂક સાથે ખેડૂતોના પેન્ડિંગ તુમારોનો ઝડપથી નિકાલ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે તે જરૂરી છે.

## નવસારીના તાપમાનમાં 3 ડિગ્રીનો ઘટાડો

નવસારીઃ નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા હવામાનના આંકડા મુજબ 15 માર્ચની સરખામણીએ 16 માર્ચે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. 15 માર્ચે મહત્તમ તાપમાન 37.0C નોંધાયું હતું, જ્યારે 16 માર્ચે તે ઘટીને 34.0C પર પહોંચી ગયું છે, એટલે કે લગભગ 3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

બીજી તરફ લઘુત્તમ તાપમાન 19.0Cમાંથી વધીને 20.0C થયું છે. ભેજના પ્રમાણમાં પણ ફેરફાર નોંધાયો છે. સવારે ભેજનું પ્રમાણ 95%માંથી ઘટીને 84% થયું છે, જ્યારે સાંજે 21%માંથી વધીને 26% નોંધાયું છે. પવનની ગતિમાં પણ વધારો નોંધાયો છે. 15 માર્ચે પવનની ગતિ 2.3 કિમી પ્રતિ કલાક હતી અને દિશા શાંત (Calm) હતી, જ્યારે 16 માર્ચે પવનની ગતિ વધીને 3.6 કિમી પ્રતિ કલાક થઈ છે અને દિશા દક્ષિણ-પશ્ચિમ (South-West) નોંધાઈ છે.

## વાંસદા ખેતી પેદાશનું રૂપાંતર- વેચાણ કરનારી સહ. મં.

## મુકેશ પાનવાલાની ચેરમેન પદે બિનહરીફ વરણી

**વાઈસ** ચેરમન પદે એડ્વોકેટ અને નોટરી રમણભાઈ પટેલ બિનહરીફ વરાયા


નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા તાલુકા ખેતી પેદાશનું રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી સંસ્થાની યોજાયેલ ચૂંટણીમાં ચેરમેન પદે સતત ત્રીજી વખત સહકારી અગ્રણી મુકેશભાઈ પાનવાલા બિનહરીફ ચૂંટાય આવ્યા હતા, જ્યારે વાઈસ ચેરમન પદે એડવોકેટ અને નોટરી રમણભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયા હતા. તાલુકામાં મોખરાનું સ્થાન ધરાવતી આ સહકારી સંસ્થાની જાહેર થયેલી ચૂંટણીમાં સભાના પ્રમુખ તરીકે વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લિ.ના ડાયરેક્ટર જીવણભાઈ ડી. ગામીતની નિમણૂક કરવામાં આવી હતી. એજન્ડા મુજબની ચૂંટણીની કામગીરીની શરૂઆત થતાં સંસ્થાના ચેરમેન તરીકે મુકેશભાઈ પાનવાલાની દરખાસ્ત સહકારી અગ્રણી કાલિદાસ ચૌધરીએ રજૂ કરી હતી. જ્યારે આ દરખાસ્તને જયસિંગભાઈ પટેલે ટેકો આપતા મુકેશભાઈ પાનવાલા ચેરમેન પદે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. વાઈસ ચેરમેનની ચૂંટણી માટે રમણભાઈ પટેલની દરખાસ્ત ધીરજભાઈ દળવીએ કરી હતી,

## મનપા અને જિલ્લા પંચાયતની ખેંચતાણમાં વિદ્યાર્થીઓ પીસાયા!

**નવસારીનાં** 14 ગામના 3000થી વધુ બાળકો હજુ નોટબુક કિટથી વંચિત

**છ માસિક** પરીક્ષા નજીક આવી છતાં તંત્રની ધીમી કામગીરીથી નારાજગી

**ગામો** શહેરમાં જોડાઇ ગયા છતાં વિદ્યાર્થીઓ સુધીની શૈક્ષણિક સુવિધાઓ હજુ તંત્રની ફાઈલોમાં જ અટવાઈ ગઈ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલા 14 ગામની પ્રાથમિક શાળાઓમાં ભણતા 3000થી વધુ વિદ્યાર્થીઓ માટેની નોટબુક અને કંપાસ કીટ હજુ સુધી વિતરણ થઈ નથી. મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત વચ્ચેના વહીવટી ગૂંચવાડા અને જવાબદારીની ખેંચતાણ વચ્ચે નિર્દોષ વિદ્યાર્થીઓનું ભણતર પીસાઈ રહ્યું છે.

નવસારી-વિજલપોર પાલિકાના વિલીનીકરણ બાદ પ્રથમ ચાર ગામો અને ત્યારબાદ મહાનગરપાલિકા રચાતા કુલ 14 ગામ શહેરમાં સામેલ થયા હતા. પરંતુ ગામો શહેરમાં જોડાઈ ગયા છતાં વિદ્યાર્થીઓ સુધીની શૈક્ષણિક સુવિધાઓ હજુ તંત્રની ફાઈલોમાં જ અટવાઈ ગઈ છે.

આગામી દિવસોમાં છ માસિક પરીક્ષા નજીક આવી ગઈ હોવા છતાં હજારો વિદ્યાર્થીઓને હજુ સુધી નોટબુક અને કંપાસ જેવી મૂળભૂત શૈક્ષણિક સામગ્રી મળી નથી. કચેરીઓમાં જવાબદારી કોણની તે અંગે ચર્ચા અને ફાઈલોના ચક્કર ચાલે છે, જ્યારે બીજી તરફ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના બાળકો ખાલી હાથ ભણવા મજબૂર બન્યા છે. તંત્રની આ ધીમી ગતિ અને વહીવટી ગૂંચવણ પર વાલીઓ અને શિક્ષણપ્રેમીઓમાં પણ નારાજગી વ્યક્ત થઈ રહી છે.

હવે પ્રશ્ન ઊઠી રહ્યો છે કે શહેરના વિકાસના દાવાઓ વચ્ચે આ બાળકોને તેમના હક્કની નોટબુક કીટ ક્યારે મળશે? કે પછી વિદ્યાર્થીઓનું ભવિષ્ય પણ તંત્રની ફાઈલોમાં જ ધૂળ ખાતું રહેશે?